Name :- Prof.Dr.Jugaji B.Thakor (Gold medalist)

Degree :- M.A,M.PHIL,GSET,PH.D

College :- C.N Arts And B.D Commerce College Kadi.

Subject :- Macro Economics (501)

Faculty :- Arts ( B. A Sem :- 5 )

# Q.1 રાષ્ટ્રીય આવકનો અર્થ આપી, રાષ્ટ્રીય આવક માપવાની પદ્ધતિઓ સમજાવો.


## પ્રસ્તાવના (Introduction)

રાષ્ટ્રીય આવકએ સમગ્રલક્ષી અર્થશાસ્ત્રનો એક પાયાનો ખ્યાલ છે. આ ખ્યાલમાં સમગ્ર અર્થતંત્રની આર્થિક પ્રવૃત્તિને માપવાનો પ્રયાસ થાય છે .આ ઉપરાંત રાષ્ટ્રીય આવક ખરેખર શું છે ? તે કેવી રીતે સર્જાય છે ? તેને કેવી રીતે માપી શકાય છે? તેની માપવાની જુદી જુદી પદ્ધતિઓ કઈ છે ? આ બધી જ બાબતોનો પરિચય આ પ્રશ્નમાં મેળવીએ.

## • રાષ્ટ્રીય આવકનો અર્થ :- (Meaning Of National Income )

**1.આલ્ફ્રેડ માર્શલના મતે (ઉત્પાદન ઉપર આધારિત વ્યાખ્યા)**

" વર્ષ દરમિયાન દેશમાં શ્રમ અને મૂડીનો કુદરતી સંપત્તિ સાથે સહયોગ થવાથી જે ભૌતિક અને અભૌતિક વસ્તુઓનું ચોખ્ખું ઉત્પાદન થાય છે, તે દેશની રાષ્ટ્રીય આવક છે."



## 2. ઇરવિંગ ફિશરના મતે (વપરાશ ઉપર આધારિત વ્યાખ્યા)

" વર્ષ દરમિયાન દેશના નાગરિકોએ જેટલા પ્રમાણમાં વસ્તુઓ અને સેવાઓની પ્રત્યક્ષ વપરાશ કરી હોય તેના પ્રમાણને રાષ્ટ્રીય આવક કહે છે."



### 3. એ.સી.પીગુના મતે (નાણાં ઉપર આધારિત વ્યાખ્યા)

" વિદેશી આવક સહિતની સમાજની કુલ આવકને જેને નાણાંની મદદથી સરળતાથી માપી શકાય છે, તે રાષ્ટ્રીય આવક છે."



## ● રાષ્ટ્રીય આવકની પદ્ધતિઓ :-(Measurement Of National Income)

### (A)ઉત્પાદન પદ્ધતિ / મૂલ્યવૃદ્ધિ પદ્ધતિ (Product Measurement)

↓

**મહત્વની બાબતો**

↓

A.1 અર્થતંત્રનું જુદા જુદા ક્ષેત્રોમાં વર્ગીકરણ

↓

A.2 વસ્તુ કે સેવાની પસંદગી

↓

A.3 ગૃહિણીના ઘરકામની સેવા

↓

A.4 સ્વ વપરાશ

↓

A.5 સંરક્ષણ અને પોલીસ

↓

A.6 બેવડી ગણતરી

## (B) આવક પદ્ધતિ (Income Measurement)

### B.1 ગણવામાં આવતી આવક

- નફાની આવક
- મૂડીની આવક
- વ્યાજની આવક
- વેતનની આવક

### B.2 ન ગણવામાં આવતી આવક

- બક્ષિસ
- ઇનામ
- ભેટ
- લૂંટની આવક
- લોટરીની આવક
- સરકારી સહાયની આવક

## C. ખર્ચ પદ્ધતિ ( Cost Measurement)

### C.1 રાષ્ટ્રીય આવકમાં ગણાતા ખર્ચાઓ

વપરાશી ખર્ચ

મૂડીરોકાણ ખર્ચ

સરકારી ખર્ચ

ચોખ્ખું નિકાસ ખર્ચ

### C.2 રાષ્ટ્રીય આવકમાં ન ગણાતા ખર્ચાઓ

* સેકન્ડ હેન્ડ વસ્તુઓની ખરીદી પાછળનો ખર્ચ
* હેરફેર ખર્ચ
* જુના શેરની ખરીદી પાછળનો ખર્ચ
* વચગાળાની વપરાશી વસ્તુઓ પાછળનો ખર્ચ
* સબસીડીના ખર્ચા

## (A) ઉત્પાદન પદ્ધતિની સમજૂતી .(Explain of Measurement Product)

રાષ્ટ્રીય આવક ગણવાની આ પદ્ધતિ પ્રો. માર્શલની વ્યાખ્યા ઉપરથી વિકસાવવામાં આવી છે. વર્ષ દરમિયાન દેશમાં ખેતી, ઉધોગ અને સેવા ક્ષેત્રમાં અંતિમ સ્વરૂપની વસ્તુઓ અને સેવાઓનું જે ઉત્પાદન થયું હોય તેના નાણાકીય મૂલ્યનાં સરવાળાને રાષ્ટ્રીય આવક ગણવામાં આવે છે.

### ~ મહત્વની બાબતો :-

**A.1 અર્થતંત્રનું જુદા જુદા ક્ષેત્રોમાં વર્ગીકરણ :-**

અર્થતંત્રનું ખેતી, ઉધોગ, સેવા, બાંધકામ, વાણિજ્ય વ્યાપાર, વાહન વ્યવહાર, સંદેશાવ્યવહાર, બેન્કિંગ અને શિક્ષણ જેવા અનેક ક્ષેત્રોમાં વર્ગીકરણ કરવામાં આવે છે.

**A.2 વસ્તુ કે સેવાની પસંદગી :-**

અર્થતંત્રના જુદા જુદા ક્ષેત્રોમાં ઉત્પન્ન થતી અંતિમ પ્રકારની વસ્તુઓને રાષ્ટ્રીય આવકમાં ગણવામાં આવે છે.

**A.3 ગૃહિણીના ઘરકામની સેવા :-**

ગૃહિણીના ઘરકામની સેવા બજારમાં વેચાતી મળતી નથી, તેનું નાણાકીય મૂલ્ય માપી શકાતું નથી અને તે રાષ્ટ્રીય આવકમાં ગણાતી નથી.

**A.4 સ્વ-વપરાશ :-**

સ્વ વપરાશ માટે ઉત્પન્ન થયેલી વસ્તુઓ બજારમાં વેચાતી નથી. તેનું નાણાકીય મૂલ્ય માપી શકાતું નથી, માટે તે પણ રાષ્ટ્રીય આવકની ગણતરીમાં લેવાતી નથી પણ ભારતમાં ખેડૂતે સ્વ વપરાશ માટે રાખેલ અનાજ અપવાદરૂપે રાષ્ટ્રીય આવકની ગણતરીમાં લેવામાં આવે છે.

**A.5 સંરક્ષણ - પોલીસ :-**

સંરક્ષણ અને પોલીસની સેવા બજારમાં વેચાતી મળતી નથી. છતાં ભારતમાં રાષ્ટ્રીય આવકની ગણતરીમાં તેને ધ્યાનમાં લેવામાં આવે છે.

**A.6 બેવડી ગણતરી :-**

જ્યારે રાષ્ટ્રીય પેદાશમાં કોઈ એક વસ્તુનું મૂલ્ય એક કરતાં તે વધારે વખત ગણવામાં આવે તો તે બેવડી ગણતરી છે. બેવડી ગણતરી રાષ્ટ્રીય આવક ઊંચી આવે છે. માટે રાષ્ટ્રીય આવકની ગણતરીમાં બેવડી ગણતરી ટાળવી જોઈએ, આવી બેવડી ગણતરી દૂર કરવાના બે ઉપાયો નીચે પ્રમાણે છે.

## A.6.1 માત્ર અંતિમ વસ્તુનું મૂલ્ય ગણવું :-

આ પદ્ધતિમાં વચગાળાની ઉપયોગ ધરાવતી વસ્તુઓનું મૂલ્ય ગણવાને બદલે માત્ર જે ઉત્પન્ન થયેલી અંતિમ વસ્તુઓનું મૂલ્ય ગણવામાં આવે તો બેવડી ગણતરી નો પ્રશ્ન ઉકેલાય છે.

## A.6.2 મૂલ્ય વૃદ્ધિ પદ્ધતિ :-

ઉત્પાદન પ્રક્રિયામાં જ્યારે વસ્તુ એક તબક્કામાંથી બીજા તબક્કામાં જાય છે, ત્યારે તેનું નાણાકીય મૂલ્ય વધે છે. આ વધેલા મૂલ્યને જુદુ તારવીને તેનો સરવાળો કરીને રાષ્ટ્રીય પેદાશ ગણવામાં આવે તો બેવડી ગણતરી થતી નથી.

| ઉત્પાદનના તબ્બકા | વેંચાણ આવક ( રૂ.) | સાધન ખર્ચ ( રૂ.) | મૂલ્ય વૃદ્ધિ ( રૂ.) |
|---|---|---|---|
| રૂ | 100 | 0 | 100 |
| સુતર | 200 | 100 | 100 |
| કાપડ | 280 | 200 | 80 |
| કુલ | 580 | 300 | 280 |

એક કારખાનામાં રૂ 100નું રૂ લાવવામાં આવે અને તેમાંથી રૂ 200નું સુતર બને અને રૂ 200 ના સૂતરમાંથી રૂ 280 નું કાપડ બને તો રાષ્ટ્રીય પેદાશ 100+200+280=580 નાણાકીય મૂલ્ય ગણવામાં આવે તો બેવડી ગણતરી થાય છે .હવે રૂ એ સુતર અને કાપડ બંનેમાં સમાયેલું છે.તેથી રૂ નું મૂલ્ય ત્રણ વાર ગણાય છે આ બેવડી ગણતરી છે.

પરંતુ જો રૂ 100 રૂ+રૂ 100 સુતર +80રૂ નું કાપડનું વધેલું મૂલ્ય ગણવામાં આવે એટલે કે રૂપિયા 280નો મૂલ્ય વધારો ગણીએ તો બેવડી ગણતરી થતી નથી

## (B) આવક પદ્ધતિની સમજૂતી (Explain of Income Measurement)

રાષ્ટ્રીય આવક માપવાની આવક પદ્ધતિ પ્રો. પીગુની વ્યાખ્યા ઉપરથી વિકસાવવામાં આવી છે.આવક પદ્ધતિમાં ઉત્પાદન સાધનોથી થતી આવકનો સરવાળો કરીને તેમાં વિદેશી આવક ઉમેરીને અને વિદેશી સાધનોની ચુકવણી બાદ કરતા રાષ્ટ્રીય આવક જાણી શકાય છે.

- **મહત્વની બાબતો :-**

### B.1 ગણવામાં આવતી આવક

### B.1.1 ભાડાની આવક (Income of Rent)

જમીન, મકાન વગેરેનું જે ભાડું મળે છે, તે આવક તરીકે ગણાય છે પોતાનું મકાન બીજાને ભાડે આપ્યું હોય તે આરોપિત ભાડું પણ ગણાય છે. પુસ્તકના કોપીરાઇટસ અને પેટન્ટ જેવા અધિકારોને કારણે મળતી આવક પણ ગણવામાં આવે છે.

**(B.1.2) વ્યાજની આવક ( Income of Interest )**

લોકોને વર્ષ દરમિયાન મૂડી પર જે વ્યાજ મળે છે, તેની ગણતરી થાય છે. પરંતુ રાજ્ય તરફથી મળતું વ્યાજ બાકાત રાખવામાં આવે છે, કારણ કે રાજ્ય જે કરવેરા દ્વારા આવક મેળવે છે તેને વ્યાજ તરીકે એ નાણું ચૂકવે છે.

**(B.1.3) વેતનની આવક (Income of Wages)**

શ્રમિકોને વર્ષ દરમિયાન કામના બદલામાં જે વેતન કે પગાર મળે છે, તેની ગણતરી કરવામાં આવે છે.

**(B.1.4) નફાની આવક ( Income of profit)**

રોકાણકારો નિયોજકોને જે નફા અને ડિવિડન્ટ રૂપી આવકો મળે છે તે, નફાની આવક ગણાય છે.

**(B.2) ન ગણવામાં આવતી આવક :-**

રાષ્ટ્રીય આવક માપવાની આ પદ્ધતિમાં ન ગણવામાં આવતી આવકો નીચે પ્રમાણે છે.

- બક્ષિસ
- ઇનામ
- ભેટ
- લૂંટની આવક
- ચોરી
- સરકારી સહાયની આવક
- લોટરીની આવક

## (C) ખર્ચ પદ્ધતિ ( Cost Measurement )

પ્રો.ફિશરની વ્યાખ્યા ઉપરથી આ પદ્ધતિ વિકસાવવામાં આવી છે. વર્ષ દરમિયાન વ્યક્તિઓ, કુટુંબો, પેઢીઓ અને સરકાર જે અંતિમ વસ્તુઓ અને સેવાઓની ખરીદી પાછળ જે ખર્ચ કરે છે, તેનો સમાવેશ કરવામાં આવે છે.

- **મહત્વની બાબતો :-**

**(C.1) રાષ્ટ્રીય આવકમાં ગણાતા ખર્ચાઓ**

**C.1.1 વપરાશી ખર્ચ** ( Consumption Cost)

નાગરિકો, કુટુંબો, ધંધાદારી પેઢીઓ દ્વારા ટકાવ વસ્તુઓ જેવી કે ટીવી, કાર, સ્કૂટર નાસવંત વસ્તુઓ જેવી કે અનાજ, ફળ, શાકભાજી તેમજ સેવાઓ જેવી કે શિક્ષણ, વાહન વ્યવહાર, સંદેશા વ્યવહાર પાછળ થતા ખર્ચાઓનો સમાવેશ થાય છે.

**C.1.2 મૂડીરોકાણ ખર્ચ ( Investment Cost)**

નાગરિકો, કુટુંબ, ધંધાદારી પેઢીઓ દ્વારા કારખાનાનું મકાન, પ્લાન્ટ યંત્ર સામગ્રી તેમજ વ્યવસાય માટે જરૂરી એવા સાધનો પર જે મૂડી રોકાણ ખર્ચ કરે તે ખર્ચાઓનો સમાવેશ થાય છે.

**C.1.3 સરકારી ખર્ચ( Goverment Cost)**

કેન્દ્ર સરકાર, રાજ્ય સરકાર અને સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ વગેરેનું વપરાશી ખર્ચ, મૂડી રોકાણ ખર્ચ, વહીવટી ખર્ચ વગેરેનો સમાવેશ થાય છે.

**C.1.4 ચોખ્ખું નિકાસ ખર્ચ ( Net Export Cost )**

વિદેશી આયાતો પાછળનો ખર્ચ દેશનું ખર્ચ અને દેશની નિકાસો પાછળનો ખર્ચ એ વિદેશી નાગરિકોનો ખર્ચ તેથી એ બંને વચ્ચેનો તફાવત ચોખ્ખી નિકાસો છે, જેનું રાષ્ટ્રીય આવકમાં સમાવેશ થાય છે.

## (C.2) રાષ્ટ્રીય આવકમાં ન ગણાતા ખર્ચાઓ

રાષ્ટ્રીય આવકની ગણતરીમાં અમુક ખર્ચાઓ ગણાતા નથી જે નીચે મુજબ છે.

* સેકન્ડ હેન્ડ વસ્તુઓ પાછળ થતો ખર્ચ
* હેરફેર ખર્ચ ( પેન્શન અને બેકારી ભથ્થુ )
* જુના શેરની ખરીદી પાછળ થતો ખર્ચ
* વચગાળાની વસ્તુઓ પાછળ થતો ખર્ચ
* સબસીડીના ખર્ચાઓ

## પ્રશ્ન -૨ રાષ્ટ્રીય આવક માપવાની સમસ્યાઓ / મર્યાદાઓ (Problems of National Income)

(A)જાહેર સેવાઓ

(B) સ્વ-વપરાશ માટેની  વસ્તુઓ અને સેવાઓ

(C) એક કરતાં વધુ વ્યવસાયો

(D) નાના પાયા પર ઉત્પાદન અને વેચાણ

(E) નિરક્ષરતા

(F) કાળી આવક તથા સંપત્તિ

**(A) જાહેર સેવાઓ**

ભારત જેવા વિકસતા દેશમાં સરકારો કેટલીક પાયાની જાહેર સેવાઓ પાછળ કરોડો રૂપિયા ખર્ચે છે. જેમકે, રસ્તાઓ,પુલો, બાંધો, ગટર, બગીચાઓ, દવાખાનાઓ, સંશોધનો, શિક્ષણ, પાણી વગેરે પણ તેમની કિંમતો રાષ્ટ્રીય આવકમાં ગણાતી નથી.

**(B) સ્વ વપરાશ માટેની વસ્તુઓ સેવાઓ**

વિકસતા દેશોમાં સ્વ વપરાશ માટે વિશેષ સેવાઓ અને વસ્તુઓ પેદા કરવામાં આવે છે. જેમ કે, ખેડૂતો સ્વ વપરાશ માટે કેટલાક ખોરાક અને બી પેદા કરે છે. સ્ત્રીઓ કૌટુંબિક જવાબદારીઓ નિભાવે છે. કુટુંબો પોતાના કમ્પાઉન્ડમાં ફળ અને શાકભાજી વાવે છે. આ બધી વસ્તુઓ અને સેવાનું મૂલ્ય રાષ્ટ્રીય આવકમાં ન ગણાતું હોવાથી રાષ્ટ્રીય આવકનું ખરું ચિત્ર મળતું નથી.

**(C) એક કરતાં વધુ વ્યવસાયો**

કેટલીક વસ્તુના બજારો ઋતુગત હોવાથી તેવી વસ્તુ બનાવનારા કે વેચનારા વર્ષમાં એક કરતાં વધુ પ્રકારના વ્યવસાયો કરતા હોવાથી રાષ્ટ્રીય આવક માપવી મુશ્કેલ બને છે.

**(D) નાના પાયા પર ઉત્પાદન અને વેચાણ**

જમીન અને મૂડીની અછતને લીધે તથા પછાત ઉત્પાદન પદ્ધતિને લીધે ગરીબ દેશોમાં નાના પાયા પર ઉત્પાદન અને વેચાણ થાય છે જેથી પેઢીઓની રાષ્ટ્રીય આવક જાણવી મુશ્કેલ બને છે.

**(E) નિરક્ષરતા**

કેટલાક ઉત્પાદકો નિરીક્ષક હોવાથી તેઓ પોતાના આવક જાવક ના હિસાબો વ્યવસ્થિત રાખી શકતા નથી. આથી સાચી અને પૂરી વિગતો પ્રાપ્ત ન થવાથી રાષ્ટ્રીય આવક બરાબર માપી શકાતી નથી.

**(F) કાળી આવક તથા સંપતિ**

ભારત જેવા દેશોમાં અર્થતંત્રનું નોંધપાત્ર ભાગ કાઢી આવક તથા કાળી સંપત્તિ ધરાવે છે. જો પોતાના ઉત્પાદન ,આવક તથા સંપત્તિ છુપાવે છે અને વાસ્તવિક કિંમતો કરતા નીચી કિંમતો જાહેર કરે છે, તેઓ રાષ્ટ્રીય આવકની ગણતરીમાં અવરોધ ઊભો કરે છે.